# રાજકોટ મહાનગરપાલિકા

# **રોશની વિભાગ**

કામનું નાંમ :- રાજકોટ મહાનગરપાલિકાનાં ત્રીકોણબાગ ખાતે આવેલ હાઇમાસ્ટ રીપેરીંગ કરવાનું કામ.

**૨૦૧૮-૧૯**

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ | તા:- ૦૨.૦૩.૨૦૧૯ સાંજનાં ૬-૦૦ ક્લાક સુધી |
| ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ | તા:- ૦૬.૦૩.૨૦૧૯ સાંજનાં ૬-૦૦ ક્લાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ (અંદાજીત) | તા:-૦૭.૦૩.૨૦૧૯ |
| ટેન્ડર ફી (નોન-રીફંડેબલ) | રૂા.૭૫૦/- |
| ઇ.ડી.એમ. | રૂા.૨૦૦૦/- |

# **(ટેકનીકલ બીડ)**

**પાનાં નં- ૧ થી ૧૧**

**એડી.સીટી એન્જીનીયર (રોશની)**

**રાજકોટ મહાનગરપાલિકા**

**ડો. આંબેડકરભવન,ઢેબર રોડ,**

**રોશની વિભાગ, બીજો માળ રૂમ નં-૮**

**રાજકોટ-૩૬૦૦૦૧**

## <u>જાહેર નિવિદા</u>

**રાજકોટ મહાનગરપાલિકા**

| | | |
|---|---|---|
| ૧. | કામનું નાંમ | રાજકોટ મહાનગરપાલિકાનાં ત્રીકોણબાગ ખાતે આવેલ હાઇમાસ્ટ રીપેરીંગ કરવાનું કામ. |
| ૨. | **ટેન્ડર મેળવવાનું સ્થળ** | **રાજકોટ મહાનગરપાલિકા ની વેબસાઇટ (www.rmc.gov.in) ઉપરથી ટેન્ડર ડાઉનલોડ કરવાનાં રહેશે.** |
| ૩. | ટેન્ડર સ્વીકારવાનું સ્થળ | ટેન્ડર રજી. એડી./સ્પીડ પોસ્ટ થી નીચે જણાવેલ સ્થળે મોકલવાનું રહેશે.<br>**એડી.સીટી એન્જીનીયર (રોશની)**<br>**રાજકોટ મહાનગરપાલિકા**<br>**ડો. આંબેડકરભવન,ઢેબર રોડ,**<br>**રોશની વિભાગ, બીજો માળ રૂમ નં-૮ રાજકોટ-૩૬૦૦૦૧** |
| ૪. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | તા:- ૦૬.૦૩.૨૦૧૯ સાંજનાં ૬-૦૦ ક્લાક સુધી રજીસ્ટર્ડ એડી. અથવા સ્પીડ પોસ્ટ્થી મોકલવાનાં રહેશે |
| ૫. | અર્નેસ્ટ મની (EMD) | રૂ! ૨૦૦૦/- રાજકોટ મહ્નગરપાલિકાનાં નામથી ડીમાન્ડ ડ્રાફ્ટ |
| ૬. | ટેન્ડર ફી | રૂ! ૭૫૦/- રાજકોટ મહ્નગરપાલિકાનાં નામથી ડીમાન્ડ ડ્રાફ્ટ |

**એડી.સીટી એન્જીનીયર**
**રોશની વિભાગ**
**રાજકોટ મહાનગરપાલિકા**

**રાજકોટ મહાનગરપાલિકા**

**:: જનરલ શરતો ::**

(૧) એજન્સીએ ટેન્ડર ડોક્યુમેન્ટ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પરથી ડાઉનલોડ કરવાનાં રહેશે.

(૨) એજન્સીએ કવર-૧માં ટેકનીકલ બીડ (પેઇઝ નં-૧ થી ૧૧) તેમજ રાજકોટ મહાનગરપાલિકાનાં નામનાં ર- ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પેટે બીડવાનાં રહેશે. ટેન્ડર ફી કે ઇ.એમ.ડી. વગરનાં ટેન્ડર માન્ય રહેશે નહી તથા તેને રદ કરવામાં આવશે.

(૩) આ કામનાં કવર-રમાં પ્રાઇઝ બીડ (પેઇઝ નં- ૧૨ તથા ૧૩) માં ભાવ ભરી સીલબંધ કરી મુકવાનું રહેશે, આ બંને કવર-૧ અને કવર-૨ એ મુખ્ય કવર-૩ માં રાખી સીલબંધ કરી તા:-૦૬.૦૩.૨૦૧૯ સાંજનાં ૬.૦૦ કલાક સુધીમાં એડી.સીટી એન્જીનીયરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા, રોશની વિભાગ, ડો. આંબેડકર ભવન, ઢેબર રોડ, બીજો માળ, રાજકોટ-૩૬૦૦૦૧ ખાતે રજીસ્ટર્ડ એડી. અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાનાં રહેશે. કુરીયર કે રૂબરૂમાં જમાં કરાવેલ ટેન્ડરો માન્ય રહેશે નહી. દરેક કવર પર કામનું નામ તથા એજન્સીનું નામ, બીડ ની વિગત વિગેરે ચોક્કસ પણે લખવાનું રહેશે તથા દરેક કવર અચુક પણે સીલબંધ કરવાનાં રહેશે.

(૪) એજન્સીએ ટેન્ડરનાં દરેક પાનાં પર સહી સિક્કા કરવાનાં રહેશે.

(૫) આ કામે એજન્સીએ તમામ કરવેરા, માલ-મટીરીયલ્સ અને મજૂરી સાથેનાં ભાવ ભરવાનાં રહેશે, મંજુર થયેલ ભાવમાં કોઇપણ પ્રકારનો વધારો કે કોઇપણ પ્રકારનાં વેરા અલગથી આપવામાં આવશે નહી.

(૬) એજન્સી માન્ય ઈલેકટ્રીકલ કોન્ટ્રાકટર તરીકે કેટેગરી-"E-2" કે તેથી ઉપરનાં કલાસમાં ગવર્નમેન્ટ ઓફ ગુજરાતનાં આર.એન્ડ બી. ડીપાર્ટમેન્ટનાં ઈલેકટ્રીકલ વિભાગમાં રજીસ્ટ્રેશન ધરાવતી હોવી જોઈએ.

(૭) એજન્સી ગવર્નમેન્ટ ઓફ ગુજરાતનાં માન્ય જી.એસ.ટી. નંબર ધરાવતી હોવી જોઈએ.

**(૮)** એજન્સીને આ પ્રકારનાં કામનો અનુભવ હોવો જોઇએ ,જે મુજબ છેલ્લા સાત વર્ષમાં આ કામનાં એસ્ટીમેટની રકમ મુજબનું એક કામ કરેલ હોવું જોઈએ તથા એજન્સીએ અનુભવનાં આધાર પુરાવા સાથે જોડવાનાં રહેશ.

(૯) અત્રેથી વર્કઓર્ડર આપવામાં આવે તે મુજબનાં સમયગાળામાં કામગીરી પુરી કરી આપવાની રહેશે અન્યથા૦.૨% પ્રતિદિવસ મુજબ પેનલ્ટી કરવામાં આવશે.જે વધુમાં વધુ ૧૦% સુધી રહેશે.

(૧૦) એજન્સીએ કામગીરી પુર્ણ કર્યા બાદ ટેસ્ટીંગ કરાવી આપવાનું રહેશે તથા કરેલ કામગીરીની ત્રણ વર્ષ વોરંટી આપવાની રહેશે.

(૧૧) ભાવ આપનાર એજન્સીએ ભાવ ભરતા પહેલા સાઇટ વિઝીટ કરી ભાવ ભરવાનાં રહેશે**.** ભાવ ભર્યા બાદ પાછળથી કોઇપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

(૧૨) આવેલ ભાવનાં ટેન્ડરો ખોલવામાં આવશે ત્યારે જરૂર જણાશે તો જ ભાવ ભરનાર એજન્સી સાથે વાટાઘાટ કરવામાં આવશે અને ત્યારબાદ તેણે ઓફર કરેલ ભાવ માન્ય રાખવો કે નહીં તેનો હક્ક મહાનગરપાલિકા અબાધિત રાખે છે .

(૧૩) કોઇપણ સંજોગોમાં શરતી ટેન્ડર સ્વિકારવામાં આવશે નહિં.

(૧૪) ટેન્ડરની કોઇપણ શરતો અને સમજૂતીનાં અર્થઘટન માટે કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે .

(૧૫) આ ટેન્ડર સંબંધીત કોઇપણ વિવાદ ઉપસ્થિત થશે તો તે ફકત રાજકોટ જ્યુરીડીકશન પુરતો મર્યાદીત રહેશે, ન્યાયનું ક્ષેત્ર રાજકોટ રહેશે.

(૧૬) આ કામે ટેન્ડર ઓપન થયા બાદ ભાવ સંબંધે ફેરફાર કરવા અથવા રૂબરૂ વાટાઘાટ માટે મહાનગરપાલિકા અધિકાર રાખે છે, પરંતુ મહાનગરપાલિકાની માંગની સિવાય ભાવ સંબંધી ફેરફારની કોઇ રજુઆત માન્ય રાખવી કે કેમ તે રાજકોટ મહાનગરપાલિકાનાં અધિકારમાં રહેશે.

(૧૭) કોઈપણ કે તમામ ભાવ મંજુર કે નાંમંજુર કરવાનો હક્ક મહાનગરપાલિકા અબાધિત રાખે છે.

(૧૮) ભાવ ભરનાંર એજન્સીએ ટેન્ડર નાં દરેક પેઇજ તથા ટેન્ડર સાથે રજુ કરવામાં આવતાં તમામ દસ્તાવેજો પર સહી સીક્કા કરવાં.

(૧૯) એજન્સી ગવર્નમેન્ટ ઓફ ગુજરાતનાં માન્ય જી એસ ટી નંબર ધરાવતી હોવી જોઈએ.

(૨૦) જે એજન્સીનું કામ મંજુર થાય તેમણે મંજુર થયેલ રકમનાં ૫% લેખે સીકયોરીટી ડીપોઝીટ ભરી સ્ટેમ્પ પેપર પર નિયમાનુંસાર જરૂરી કરારનામું કરી આપવાનું રહેશે.

(૨૧) એજન્સી ગવર્નમેન્ટ ઓફ ગુજરાતનાં માન્ય જી એસ ટી નંબર ધરાવતી હોવી જોઈએ.

(૨૨) એજન્સી પાસે આ પ્રકારનાં કામોનાં અનુભવ અન્વયે સરકારી, અર્ધ સરકારી કે ગવર્નમેન્ટ અંડરટેકીંગ વિભાગોમાં આ પ્રકારની હાઇમાસ્ટ લગાવવાની કે રીપેરીંગ કરવાની કામગીરી કરેલ હોય તેવા તમામ કામોનાં અનુભવનાં આધાર / વર્ક ઓર્ડર / વર્ક કંપલીશન સર્ટિ. તથા નાંણાકિય વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ દરમ્યાન સરેરાશ રૂા.૧,૧૦,૦૦૦/- (રૂપીયા એક લાખ દસ્ હજાર પુરા) કે તેથી વધુ ટર્નઓવર કરેલ હોવું જોઈએ. જે અંગે જરૂરી આધાર-પુરાવા રજુ કરવાનાં રહેશે. ટર્નઓવર ગણતરી માટે એન્હેન્સમેન્ટ ફેકટર મુજબ ગણતરી ધ્યાને લેવામાં આવશે.

(૨૩) એજન્સી કર્મચારી ભવિષ્ય નિધી ફંડ સંસ્થા સાથે તથા વખતો વખતની સરકારશ્રીનું કાયદાકિય જોગવાઈઓ મુજબનું પ્રોવીડન્ટ ફંડ અંગેનું માન્ય રજીસ્ટ્રેશન ધરાવતી હોવી જોઈએ.

(૨૪) એજન્સી માન્ય સર્વીસ ટેકસ નંબર અને તેનું રજીસ્ટ્રેશન ધરાવતી હોવી જોઈએ.

(૨૫) એજન્સીએ રૂા.૧.૦૦ લાખ કે તેથી વધુનું નેશ્નલાઈઝડ કે શેડયુલ બેન્કનું તાજુ સોલ્વન્સી સર્ટીફીકેટ આપવાનું રહેશે.

(૨૬) એજન્સીએ જરૂરી પાન નંબર આપવાનો રહેશે.

(૨૭) આ કામ માટે એજન્સી કોઈ પેટા કોન્ટ્રાકટ કરી શકશે નહી કે રાખી શકશે નહી.

(૨૮) એજન્સી કોઇપણ સરકારી, અર્ધ સરકારી કે અન્ય કોઇપણ સ્થળે કયારેય પણ બ્લેક-લીસ્ટ થયેલ નથી, તે પ્રકારનું નોટરાઇઝડ સોગંદનામુ રૂ. ૧૦૦ નાં સ્ટેમ્પ પેપર પર ટેકનીકલ બીડ સાથે રજુ કરવાનું રહેશે.

(૨૯) આ ટેન્ડર બાબતે વધુ માહિતિ અર્થે નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી બી.ડી. જીવાણી નો મોબાઇલ નં-૯૬૨૪૦૮૫૮૫૦ પર સંપર્ક થઇ શકશે.

એડી.સીટી એન્જીનીયર
(રોશની શાખા)
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકા

રોશની વિભાગ

કામનું નાંમઃ રાજકોટ મહાનગરપાલિકાનાં ત્રીકોણબાગ ખાતે આવેલ હાઇમાસ્ટ રીપેરીંગ કરવાનું કામ.

મે/અમોએ આ ટેન્ડરમાં દર્શાવેલ તમામ શરતો, સમજુતી તેમજ પરિશિષ્ટ અંગેનો પુરે પુરો અભ્યાસ કરેલો છે. જે બદલ નીચે સહી કરી શાખ કરાવી આપેલ છે.

| | | |
|---|---|---|
| અર્નેસ્ટમની | : | રૂા.૨૦૦૦/-(બે હજાર પુરા) |
| સીકયોરીટી ડીપોઝીટ | : | મંજુર થયેલ રકમનાં ૫ % લેખે શેડ્યુલ બેન્કની બેંક ગેરેન્ટી અથવા એફ.ડી.આર.(૩૯ માસ માટે) |
| કોન્ટ્રાકટર / એજન્સીનું નામ | : | |
| સરનામું | : | |
| તારીખ | : | |
| સાક્ષીનું નામ | : | |
| સાક્ષીનું સરનામું | : | |
| ટેન્ડર ફી ની વિગત | : | |
| અર્નેસ્ટમની ભર્યાની વિગત | : | |
| ભાવ પત્ર ભરનારની સહી. | : | |

રાજકોટ મહાનગરપાલિકા
રોશની વિભાગ
ટેન્ડર શરતો અને કામની સમજુતી

(૧) કામગીરી વ્યવસ્થિત થાય તે મુજબ દેખરેખ રાખી કામ થવું જોઈએ. કામગીરી કેટલી ત્વરાથી કરવી તે બાબત તથા કામ અથવા તેમાં વપરાતો માલ સામાન કેવા પ્રકારનો છે તે બાબત શાખા અધિકારી જે નિર્ણય કરે તે આખરનો સમજવો. કામની ઝડપ અને ગતિ વધારવા અધિકારીશ્રીનાં નિર્ણય આખરી સમજવાનો રહેશે તથા લેખિત તથા મૌખિક સુચનાં તેમજ નોટીસ આપવા છતા પણ કામની ગતી કે ઝડપ વધારવામાં નહી આવે તો કમિશ્નરશ્રીને કોન્ટ્રાકટ રદ કરવાનો અધિકાર રહેશે.
(૨) સઘળી ફી, રોયલ્ટી, અને સામાન ભરી રાખવા માટે કોઈ જમીનનું ભાડુ આપવાનું હોય તો કોન્ટ્રાકટરે આપવાનું રહેશે. કામગીરી દરમ્યાન કોન્ટ્રાકટરનાં કારણોસર કોઈ પ્રાઈવેટ આસામીઓની લાઈટ / ટેલીફોન લાઈન / મિલ્કત/જાન-માલ વિગેરેને નુકસાન ન થાય તે મુજબ કામગીરી કરવાની રહેશે, આમછતાં આ પ્રકારનાં બનાંવ બનશે તો નુકસાન અંગે તમામ જવાદારી કોન્ટ્રાકટરની રહેશે.
(૩) કોન્ટ્રાકટરે પોતાનાં કામદારોને થયેલ ઈજા માટે તથા તેને કંઈ બદલો આપવો પડે તો તે માટે તમામ રીતે જવાબદાર રહેશે.

(૪) આમાં કબુલ કરેલી તેવી કામની જુદી જુદી બાબતો માટેનો દરજ્જો તે બાબતો મંજુર કરેલી સમજુતી અનુસાર પુરી કરવામાં આવી છે એમ સ્વીકારવામાં નહી આવે તે પ્રસંગે ડીપાર્ટમેન્ટ છેવટનાં બીલો તૈયાર કરતી વખતે વ્યાજબી લાગે તેવા ઘટાડાનાં દરથી બીલો કરવાનો મુખત્યાર છે.

(૫) ૧.કોન્ટ્રાકટરે અઢાર વર્ષથી ઓછી ઉંમરનાં કોઈને કામે લગાડવા નહિં.

૨. કામ ઉપર જે માણસને રાખવાની શાખા અધિકારી મનાંઈ કરે તે માણસને કામ ઉપર રાખવાનાં નથી.

(૬) કામનાં સ્થળે કોન્ટ્રાકટરે પોતે અથવા તેનાં વતી કોઈ જવાબદાર વ્યકિતને હાજર રાખવાનાં રહેશે.

(૭) ચાલુ કામે અન્ય આસામીઓનાં મિલ્કત ને અગર જાન માલને કાંઈ પણ નુકસાન થશે તો તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને જો કોઈ પણ વળતરની રકમ ચુકવવાની થાય તો તે કોન્ટ્રાકટરે ચુકવી આપવાની રહેશે. જો કોન્ટ્રાકટર અમલ ન કરે તો તેવા વળતર વિગેરેની રકમ તેનાં બાકી રહેતા બીલોમાંથી કાપી લેવામાં આવશે અથવા સીકયોરીટી ડીપોઝીટમાંથી કાપવામાં આવશે.

(૮) કોઈપણ કારણોસર કોન્ટ્રાકટર ટેન્ડરમાં દર્શાવેલ કામ કરવા અશકિતમાન થશે તો મહાનગરપાલિકા તેનાં ખર્ચે અને જોખમે આ કામ પુરુ કરાવશે. અને આમ કરતાં ટેન્ડરમાં જણાવેલ ભાવ કરતાં વધારે ખર્ચ થશે તો મહાનગરપાલિકા કોન્ટ્રાકટરની સીકયોરીટીમાંથી કે સાઈટ ઉપર પડેલા માલ સામાનની જપ્ત કરી ખર્ચ વસુલ કરી શકશે અને તેમ કરતાં કોન્ટ્રાકટરનો કોઈ પણ વાંધો કે હકક માન્ય રહેશે નહિં.

(૯) કોન્ટ્રાકટરે કામમાં કોઈ પણ કામગીરી સંતોષકારક રીતે કે સ્પેસીફીકેશન મુજબ નહી કરી હોય તો મહાનગરપાલિકાને યોગ્ય લાગશે તે રીતે ભાવ ઘટાડો કરી શકશે, અને તે કોન્ટ્રાકટરે માન્ય રાખવાનો રહેશે.

(૧૦) જેનાં ભાવ મંજુર થાય તે કોન્ટ્રાકટરે અત્રેથી ખબર આપ્યે નિયત રકમનાં સ્ટેમ્પ પેપર પર કરારનાંમુ કરી આપવાનું રહેશે.

(૧૨) એજન્સી એ જરૂરીયાત મુજબ સ્ટોકમાં માલ સામાન રાખવાનો રહેશે, તે માટે અલગથી ચુકવણુ કરવામાં આવશે નહી.

(૧૩) ચોરી, આગ, અકસ્માત, વાવઝોડુ વિગેરે કુદરતી કે કૃત્રિમ આપતીઓમાં માલ-સામાનની કોઈપણ નુકશાનીનો ચાર્જ ચુકવવામાં આવશે નહી.

(૧૪) ટેન્ડરની કોઈપણ આઈટમનું અર્થઘટન રાજકોટ મહાનગરપાલિકા જે નક્કી કરશે તે આખરી ગણાશે.

(૧૫) કોન્ટ્રાકટરનું કામ કે માલ-સામાનની ગુણવતા યોગ્ય જણાશે નહી તો કોન્ટ્રાકટ રદ કરવા રાજકોટ મહાનગરપાલિકા હકકદાર રહેશે.

(૧૬) કોઈપણ ટેન્ડર સ્વીકારવા કે તમામ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર કમિશનરશ્રીનો રહેશે.

(૧૭) કામ કરતા માલ સામાન નડતર રૂપ ન થાય તેવી રીતે કામ કરવાનું છે.

(૧૮) ટેન્ડર સ્વીકારમાં આવે ત્યાર બાદ અત્રેથી સૂચનાં મુજબ સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરી આપવાની રહેશે. જો આમ કરવામાં ટેન્ડર રાખનાંર એજન્સી નાંકામિયાબ નીવડશે તો તેણે ભરેલ અર્નેસ્ટમની ની રકમ જપ્ત કરવામાં આવશે. અને તેનાં ખર્ચે અને જોખમે ફરીથી ટેન્ડરની માંગણી કરવામાં આવશે અથવા અન્ય એજન્સીનાં ભાવ મંજુર કરવામાં આવશે.

(૧૯) સીકયોરીટી ડીપોઝીટ તરીકે આપેલી રકમ મેઇન્ટેનન્સ સમય ત્રણ વર્ષ નો સમય પુરો થઈ ગયા બાદ ત્રણ માસ પછી તથા કોન્ટ્રાકટરને ફાઈનલ બીલ મળ્યા બાદ પાછી આપવામાં આવશે, પરંતુ તે સમય દરમ્યાન કોઈ કામ ખરાબ થયેલ અથવા નુકશાન પામેલ માલુમ પડશે તો તે કામ કોન્ટ્રાકટરે

દુરસ્ત કરી આપવાનું રહેશે. અને જો તેમ કરવામાં નાકામિયાબ નીવડશે તો સદરહુ દુરસ્તી તેને ખર્ચે અને જોખમે મહાનગરપાલિકા તરફથી કરાવી લેવામાં આવશે, અને તે પૈકી નાં થયેલ ખર્ચ સીકયોરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે. કોન્ટ્રાકટની મુખ્ય ડીપોઝીટ કોન્ટ્રાકટ પુરો થયા બાદ ત્રણ માસ પછી પરત કરવામાં આવશે.

(૨૦) કામ પુરૂ થઈ ગયા બાદ સાઈટ બરાબર સાફ કરી આપવાની રહેશે અને જો તેમ કરવામાં કોન્ટ્રાકટર નાકામીયાબ નિવડશે તો તેનાં ખર્ચે અને જોખમે મહાનગરપાલિકા તરફથી સાઈટ સાફ કરાવી લેવામાં આવશે.

(૨૧) આ કામે કરવામાં આવતું સમગ્ર કામ યોગ્ય સુપરવીઝન હેઠળ, ગુણવતા વાળુ થાય તે જરૂરી છે તેમજ ગુણવતા નાં અભાવે ઈલેક્ટ્રિક અકસ્માત, આગજની, શોર્ટ-સર્કીટ, જાનહાની વિગેરે અંગેની સઘળી જવાબદારી એજન્સીની રહેશે.

(૨૨) આ કામ કોન્ટ્રાકટરે માલ મજુરી સાથે કરવાનું છે એટલે કે કામમાં જોઈતા મટીરીયલ/વાહન વગેરેનો સમાવેશ થાય છે. આ કામ માટે તેને જોઈતા મજદુરો કારીગરો કે સુપરવાઈઝરોનો સમાવેશ થાય છે.

(૨૩) આ સાથેનાં પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવ (દર) અંગે ભવિષ્યમાં ગેરસમજ ઉપસ્થિત થાય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૨૪) ભાવ ઓનલાઇન ભરવાનાં રહેશે.

(૨૫) જે કોઈ આઈટમ ભાવ ટેન્ડર સ્પેસીફીકેશનમાં ન હોય ત્યાં મહાનગરપાલિકાનાં અન્ય વિભાગનાં રેઇટ કોન્ટ્રાકટ મુજબ કામ કરવાનું છે. જો ત્યાં પણ સ્પેસીફીકેશન ન હોય તો સરકારશ્રી નાં રોડ એન્ડ બિલ્ડીંગ્સ વિભાગનાં સ્પેસીફીકેશન **/ પ્રવર્તમાન SOR નાં** સ્પેસીફીકેશન તથા ભાવ મુજબ કામ કરવાનું છે. જો તેમાં પણ રેઇટ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં સક્ષમ મંજુરી નાં આધારે માર્કેટ રેઇટથી કામગીરી કરી આપવાની રહેશે.

(૨૬) તમામ ઇલેકટ્રીક/ઇલેકટ્રોનીક્સ કે અન્ય ઉપકરણો ને જરૂરીયાત મુજબ ઇન્ડીયન ઇલે. રૂલ્સ મુજબ અર્થીંગથી જોડવા જરૂરી છે, આ માટે તમામ જરૂરી વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે. જે માટે કોઇપણ જાતનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહી.

(૨૭) ઉપરોકત જનરલ સમજુતિ સિવાય ટેન્ડરમાં આપેલ શરતોને આધિન રહીને કામ કરી આપવાનું રહેશે.

(૨૮) આ કામે વર્ક ઓર્ડર મળ્યા બાદ ૪૫ દિવસમાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.

(૨૯) આ કામે રોપ વાયર, ગીયરબોક્ષ, પુલી માટે બાયબેક સાથેનાં ભાવ ભરવાનાં છે તેમજ આ કામે નીકળતો વાયર/કેબલ મહાનગરપાલિકા સુચવે તે સ્થળે જમાં કરાવવાનો છે.

(૩૦) આ કામે રીપેરીંગ કામગીરી પુર્ણ થયા બાદ એજન્સી દ્વારા ભરેલ ભાવનાં ૧૦% રકમની રાજકોટ મહાનગરપાલિકાનાં નામની એફ.ડી.આર. **Performance Backup Charges** તરીકે ૩૯ માસ માટેની જમાં કરાવવાની રહેશે.

| | | |
|---|---|---|
| એડી. આસી એન્જીનીયર | નાયબ કાર્યપાલક ઈજનેર | એડી.સીટી એન્જીનીયર |
| રોશની વિભાગ | (મધ્ય ઝોન) રોશની વિભાગ | (રોશની શાખા) |
| રાજકોટ મહાનગરપાલિકા | રાજકોટ મહાનગરપાલિકા | રાજકોટ મહાનગરપાલિકા |

**<u>હાઇમાસ્ટ રીપેરીંગ અંગે ની સમજણ</u>**

રાજકોટ મહાનગરપાલિકા નાં ત્રીકોણબાગ ખાતે આવેલ હાઇમાસ્ટ અંદાજીત ૩૦ મીટર હાઇટ ધરાવે છે. આ હાઇ-માસ્ટ ફીલીપ્સ કંપનીનો છે. હાઇમાસ્ટમાં હાલ ૯ નંગ ફ્લ્ડલાઇટ લગાવવાની વ્યવસ્થા છે, હાઇમાસ્ટનાં રોપ વાયર, ગીયર-બોક્ષ, પુલી,વીંચ તેમજ કેબલ 7 core * 4 sq mm (EPR insulated pvc sheathed ) વિગેરે બદલી નવા ઇન્સ્ટોલ કરવાનાં થાય છે. આ હાઇમાસ્ટનાં ગીયર બોક્ષ (ડબલ ડ્રમ વિંચ) ની કેપેસીટી તેમજ સ્ટેઇનલેસ સ્ટીલ રોપ (AISI 316, 7/19 construction) વાયરની સાઇઝ હયાત કેપેસીટી/સાઇઝ મુજબ ફીટ કરવાનાં રહેશે. તેમજ સુચવ્યા મુજબનાં સ્થળ પરથી ફીક્ષચર, બ્રેકેટ વિગેરે મેળવી, ફીટીંગ કરી હાઇમાસ્ટ લાઇટીંગ ચાલુ કરી આપવાનું છે. કામગીરી પુર્ણ થયા બાદ હાઇમાસ્ટની મીકેનીકલ સીસ્ટમ માટે ત્રણ (૩) વર્ષ માટે વોરંટી આપવાની છે, તેમજ ત્રણ (૩) વર્ષ માટે મેઇન્ટેનન્સ કરી આપવાની છે. તથા આ સમય દરમ્યાન કરાયેલ કામગીરી અંતર્ગત એજન્સી દ્વારા ફીટ કરાયેલ કોઇ પાર્ટ્સ બદલવાનાં થાય તો એજન્સી દ્વારા સ્વ-ખર્ચે આ કામગીરી કરી આપવાની રહેશે. **આ માટે ભાવ ભરતા પહેલા એજન્સી દ્વારા જરૂરી સાઇટ વીઝીટ કરી, કામગીરી સમજી ભાવ ભરવાનાં છે. ત્યારબાદ આ કામે કોઇપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી.**

સ્ટેઇનલેસ સ્ટીલ રોપ વાયર- જિન્દાલ, ભારત વાયર રોપ્સ લી., ઉશા માર્ટીન, વીનશ વાયર, મોદી વાયર રોપ વિગેરે પૈકી ઉપયોગ કરવાનો રહેશે.

વાયર/કેબલ :- હેવેલ્સ, કે.ઇ.આઇ., રાવીન, લેપ, ફીનોલેક્ષ , આર.આર. કાબેલ, પોલીકેબ વિગેરે પૈકી ઉપયોગ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| એડી. આસી એન્જીનીયર | નાયબ કાર્યપાલક ઈજનેર | એડી.સીટી એન્જીનીયર |
| રોશની વિભાગ | (મધ્ય ઝોન) રોશની વિભાગ | (રોશની શાખા) |
| રાજકોટ મહાનગરપાલિકા | રાજકોટ મહાનગરપાલિકા | રાજકોટ મહાનગરપાલિકા |

**રાજકોટ મહાનગરપાલિકા**

**રોશની વિભાગ**

કામનું નામ :- રાજકોટ મહાનગરપાલિકાનાં ત્રીકોણબાગ ખાતે આવેલ હાઇમાસ્ટ રીપેરીંગ કરવાનું કામ.

<u>૨૦૧૮-૧૯</u>

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ | તા:- ૦૨.૦૩.૨૦૧૯ સાંજનાં ૬-૦૦ ક્લાક સુધી |
| ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ | તા:- ૦૬.૦૩.૨૦૧૯ સાંજનાં ૬-૦૦ ક્લાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ (અંદાજીત) | તા:-૦૭.૦૩.૨૦૧૯ |
| ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | રૂા. ૭૫૦/- |
| ઇ.ડી.એમ. | રૂા.૨૦૦૦/- |

<u>પ્રાઇઝ બીડ</u>

**પાનાં નં- ૧૨ તથા ૧૩**

**એડી.સીટી એન્જીનીયર (રોશની)**

**રાજકોટ મહાનગરપાલિકા**

**ડો. આંબેડકરભવન,ઢેબર રોડ,**

**રોશની વિભાગ, બીજો માળ રૂમ નં-૮**

**રાજકોટ-૩૬૦૦૦૧**

**રાજકોટ મહાનગરપાલિકા**

**રોશની વિભાગ**

કામનું નામઃ રાજકોટ મહાનગરપાલિકા નાં ત્રીકોણબાગ ખાતે આવેલ હાઇમાસ્ટ રીપેરીંગ કરવાનું કામ.

| ક્રમ | વિગત | ભાવ | પ્રતિ |
|---|---|---|---|
| A | હાઇમાસ્ટ રીપેરીંગ કામ ત્રણ વર્ષનાં મેઇન્ટેનન્સ/વોરંટી કામ સાથે **(હાઇમાસ્ટ રીપેરીંગ અંગે ની સમજણ) પેઇઝ - ૧૧ મુજબ** | | જોબ |
| B | હયાત નીકળેલ ગીયરબોક્ષ, રોપ વાયર, પુલી વિગેરેનાં બાય-બેક (સ્ક્રેપ) ભાવ | | જોબ |
| | એજન્સી દ્વારા રજુ કરાયેલ કુલ ભાવ (A-B) | | |

ઉકત ભાવ તમામ ટેક્ષ સાથેનાં આપવાનાં છે, આ માટે અલગથી કોઇપણ ચુકવણું કરવામાં આવશે નહી.